અપીલ અરજી નં.૧૫૦ તા.૨૦ –૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતીઅધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૦–૭–૦૯ ની અરજીથી સંબંધિત વિભાગમાં તા.૨–૩–૦૯ ના રોજ વિગતવાર પુરાવા સાથે કરવામાં આવેલ અરજી બાબતે સ્થળ પર તેમજ ખાતાકીય શું તપાસ કાર્યવાહી કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે જેની સંપૂર્ણ માહીતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૦–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૦/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૦–૭–૦૯ ની અરજીથી સંબંધિત વિભાગમાં તા.૨–૩–૦૯ ના રોજ વિગતવાર પુરાવા સાથે કરવામાં આવેલ અરજી બાબતે સ્થળ પર તેમજ ખાતાકીય શું તપાસ કાર્યવાહી કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે જેની સંપૂર્ણ માહીતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૮ તા.૨૯–૮–૦૯ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૭૮૭ તા.૫–૯–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ થી સંબંધિત વિભાગમાં વિગતવાર તા.૨–૩–૦૯ ના રોજ વિગતવાર પુરાવા સાથે કરવામાં આવેલ અરજી બાબતે સ્થળ પર તેમજ ખાતાકીય શું તપાસ કાર્યવાહી કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે જેની સંપૂર્ણ માહીતી માંગવામાં આવેલ. અરજદારે સાથે તા.૨–૩–૦૯ ની અરજીની નકલ બીડેલ જે અનુસાર સેન્ટ્રલઝોને વિઝીટની ૪/૩૬૦ વાળી મિલ્કતના રહેઠાણના ઉપયોગ સામે કારખાના ચાલુ કરેલ જે બાબતે મશીનરી ચલાવવાની મંજુરી તથા ચાલુ છે કે બંધ? વિગેરે મુદ્દાને સ્પર્શતી રજૂઆત જણાય છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૭૧૩ તા.૧૮–૮–૦૯ થી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં વોર્ડ નં.૪/૩૬૦ વાળી મિલ્કત અંગે આવેલ મોડીફાઈડ પ્લાનની અરજી સક્ષમ સત્તામાં મંજુરી અર્થેની કાર્યવાહી હાલમાં ચાલુ છે. જરી ઉદ્યોગને ભારત સરકારે ગૃહઉદ્યોગ તરીકે વર્ગીકૃત કરેલ હોય તે બંધ કરાવવાની કે શરૂ કરવાની પરવાનગી આપવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેતી નથી. વધુમાં નવા આરસીસીવાળા બિલ્ડીંગમાં હાલમાં જરીના કારખાના કાર્યાન્વિત નથી તેમજ ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા ફકત નોંધણી કરવામાં આવે છે પરવાનગી આપવામાં આવતી નથી એમ જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં માહિતી મળેલ ન હોવાનું જણાવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ,